અંગત પ્રકાશન માટે

ECHOES INDIA

# શ્રી રામચંદ્ર મીશન®

જાન્યુઆરી 2014 વર્ષ 7, અંક 1








## મણપાક્કમ, ડિસેમ્બર 31, 2013 – જાન્યુઆરી 1, 2014

નાતાલ પછી, પૂ.માસ્ટરને સહેજ તાવ હતો, તેથી ડોક્ટરોને ઘણી ચિંતા થઈ હતી. પરંતુ, 30મીની સાંજ પછી, તેમની તબિયતમાં સુધારો થયો હતો. ચેન્નાઈ અને તેની આજુબાજુના કેન્દ્રોમાંથી લગભગ 8,000 અભ્યાસીઓ નવા વર્ષની ઉજવણી માટે ભેગા થયા હતા. વધારે અભ્યાસીઓને સમાવવા માટે અગાશીઓ તથા મેદાનમાં વ્યવસ્થા કરવામાં આવી હતી. નવા વર્ષની પૂર્વસંધ્યાએ મેડિટેશન હોલમાં બાળકોના નૃત્યના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેને ટીવી સાથે જોડવામાં આવ્યો હોવાથી, પૂ.માસ્ટરે ટીવી–લિન્ક થકી, તે કાર્યક્રમને નિહાળ્યો હતો.


પહેલી તારીખે સવારે, મેડિટેશન હોલ અને અગાશીઓ અભ્યાસીઓથી ભરચક થઈ ગઈ હતી. કોઈએ ધાર્યું નહતું કે પૂ.માસ્ટર સત્સંગ કરાવવા આવશે પણ બધાંના આશ્ચર્ય અને આનંદની વચ્ચે પૂ.માસ્ટર મેડિટેશન હોલમાં પધાર્યા. તેઓ જેવા આવ્યા, તેવા સૌને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવવા લાગ્યા અને હોલમાં ઉત્સવની લાગણી પ્રસરી રહી. માસ્ટરની, તે ખરેખર સૌને માટેની ભેટ હતી. સત્સંગ એક કલાક સુધી ચાલ્યો અને તે પછી, કેટલાંક અભ્યાસીઓએ ત્રણ ગીતો ગાયા હતા. તે પછી પૂ.માસ્ટરે હંમેશની જેમ, તેમના સ્પષ્ટ અને જુસ્સાભેર અવાજમાં વકતવ્ય આપ્યું.

તેમણે કહ્યું કે વ્યક્તિએ કેટલા વર્ષ સુધી ધ્યાન કર્યું છે, તેનું કોઈ મહત્ત્વ નથી, જેમકે પ્રાચીન સમયમાં ઋષિઓ હજારો વર્ષ સુધી ધ્યાન કરતા હોવાનું કહેવાતું, પણ સહજ માર્ગમાં, બાબુજી કહે છે કે લક્ષ્ય એકજ જીવનકાળમાં સાધી શકાય છે.

"તો હવે તો તમારે જાગવું જ રહ્યું, તમારા હૃદયમાંથી અન્ય મનુષ્યો પ્રત્યેનો ધિક્કાર, તેમનો અસ્વીકાર અને તેમની સામે બાંધી રાખેલી પૂર્વધારણાઓ દૂર કરો. 'સ્નો વ્હાઈટ'ની વાર્તામાં રાણી જુએ છે, તેમ અરીસામાં જુઓ, કે તમે પોતે કેવા છો. રાણીમાં ધિક્કાર એટલો વધી જાય છે કે તે સ્નો વ્હાઈટને મારી નાખવા તૈયાર થઈ જાય છે. આપણે આપણા અંત:ચક્ષુ વડે, આપણી જાતને જોવી જોઈએ, અને એવી ઈચ્છાથી જોવું જોઈએ કે હું જે જોઈશ, તેનું પહેલાં આત્મનિરીક્ષણ કરીશ, અને પછી મારી જાતને સુધારતો જઈશ અને આ રીતે ઉન્નતિના પગથિયા ચડતો જઈશ." છેવટે તેમણે કહ્યું, "મારે તમને સૌને બે સંદેશા આપવા છે. તેમાંનો એક છે, 'સમય બરબાદ ન કરો,' અને બીજો છે, 'તે સૌ માટે પ્રેમ રાખો, જેમને 'તેઓ' પ્રેમ કરે છે.' "


તે પછી મોડેથી, પૂ.માસ્ટર બહાર તડકે બેઠા અને તેમને ઓમેગા શાળાના 11મા અને 12મા ધોરણના વિદ્યાર્થીઓને મળ્યા. પૂ.માસ્ટરે તેમની સાથે ઘણો સમય ગાળ્યો. તેમની સાથે વાતો કરી અને તેમને આ શુભ દિવસની શુભેચ્છાઓ પાઠવી.












## ભારતના ઝોનની પુન:વ્યવસ્થા

પૂજ્ય માસ્ટરે મિશનના ભારતના ઝોનની પુન:વ્યવસ્થા કરી છે, જે 1લી જાન્યુઆરી, 2014થી અમલમાં મૂકાશે. આ નકશામાં નવા ઝોનને દર્શાવવામાં આવ્યા છે. નીચેના કોઠામાં દરેક ઝોન, તેના ઝોન-ઈન-ચાર્જ વગેરે વિગતવાર આપવામાં આવ્યા છે.

| ઝોન | ઝોનનું નામ | ઝોન-ઈન-ચાર્જ | પ્રસ્તુત ઈમેલ |
|---|---|---|---|
| 1 | હૈદરાબાદ મેટ્રો | શ્રી ઉલ્લસરાવ કુંમ્બ્લે (હૈદરાબાદ) | zic.ap1@srcm.org |
| 1 A | એપી નોર્થ | શ્રી મધુસૂદનરાવ કોઠાપલ્લી (હૈદરાબાદ) | zic.ap1a@srcm.org |
| 1 B | એપી કોસ્ટલ નોર્થ | શ્રી અદિનારાયણ મોગન્ટી (વિશાખાપટ્ટનમ) | zic.ap1b@srcm.org |
| 1 C | એપી કોસ્ટલ સાઉથ | શ્રી એમ આર ગંગાધર (નેલ્લોર) | zic.ap1c@srcm.org |
| 1 D | એપી સાઉથ | શ્રી ગંગાધર ડોન્ટીરેડ્ડી (હૈદરાબાદ) | zic.ap1d@srcm.org |
| 2 | ચેન્નાઈ મેટ્રો | કેપ્ટન વિનીત સીંઘ રાણાવત (ચેન્નાઈ) | zic.tn2@srcm.org |
| 2 A | તમિલનાડુ નોર્થ | શ્રી બી એસ મુરુગન (હોસુર) | zic.tn2a@srcm.org |
| 2 B | તમિલનાડુ ઈસ્ટ | શ્રી ટી એસ રઘુરામ (તિરુચિરાપલ્લી) | zic.tn2b@srcm.org |
| 2 C | તમિલનાડુ વેસ્ટ | શ્રી ટી વી વિશ્વનાથરાવ (તિરુપુર) | zic.tn2c@srcm.org |
| 2 D | તમિલનાડુ સાઉથ | શ્રી રામનાથન રામચંદ્ર (મદુરાઈ) | zic.tn2d@srcmorg |

continued..

# ભારતના ઝોનની પુનઃવ્યવસ્થા(contd..)

| ઝોન | ઝોનનું નામ | ઝોન–ઈન–ચાર્જ | પ્રસ્તુત ઈમેલ |
|---|---|---|---|
| 3 A | કેરાલા સાઉથ | શ્રી કે યુ મોહન (થ્રિસુર) | zic.kl3a@srcm.org |
| 3 B | કેરાલા નોર્થ | શ્રી એ કે મોહનદાસ (પલક્કડ) | zic.kl3b@srcm.org |
| 4 | બેંગલોર મેટ્રો | શ્રી ગિરીશ ટોટલુર (બેંગલોર) | zic.ka4@srcm.org |
| 4 A | કર્ણાટક નોર્થ | ડો. ગજેન્દ્ર સીંઘ (ગુલબર્ગા) | zic.ka4a@srcm.org |
| 4 B | કર્ણાટક સાઉથ | શ્રી મધુસૂદન કૃષ્ણસ્વામી (માયસોર) | zic.ka4b@srcm.org |
| 4 C | કર્ણાટક કોસ્ટલ | શ્રી સુબ્રયા પાઈ (વિટ્ટલ) | zic.ka4c@srcm.org |
| 5 | મુંબઈ મેટ્રો | શ્રી તુષાર પ્રધાન (મુંબઈ) | zic.mh5@srcm.org |
| 5 A | મહારાષ્ટ્ર વેસ્ટ | શ્રી સુભાષ વૈદ (પૂણે) | zic.mh5a@srcm.org |
| 5 B | મહારાષ્ટ્ર સેન્ટ્રલ | શ્રી અરુણકુમાર ચૌહાણ (ઔરંગાબાદ) | zic.mh5b@srcm.org |
| 5 C | મહારાષ્ટ્ર વિદર્ભ | શ્રી રાજેન્દ્રન રેથિનામ (પુલગાંવ) | zic.mh5c@srcm.org |
| 6 A | ગુજરાત નોર્થ | શ્રી રાજેશ અગ્રવાલ (અમદાવાદ) | zic.gj6a@srcm.org |
| 6 B | ગુજરાત સાઉથ | ડો.સુરેન્દ્ર આર અગ્રવાલ (સુરત) | zic.gj6b@srcm.org |
| 7 A | રાજસ્થાન વેસ્ટ | શ્રી વિકાસ મોઘે (જોધપુર) | zic.rj7a@srcm.org |
| 7 B | રાજસ્થાન ઈસ્ટ | શ્રી મધુકર કોચર (જયપુર) | zic.rj7b@srcm.org |
| 8 A | મધ્યપ્રદેશ વેસ્ટ | શ્રી નવીન મિશ્રા (ઉજ્જૈન) | zic.mp8a@srcm.org |
| 8 B | મધ્યપ્રદેશ ઈસ્ટ | મેજ.જન.(રિટા.)આનંદનારાયણ મુદ્રે (જબલપુર) | zic.mp8b@srcm.org |
| 9 | ન્યુ દિલ્હી મેટ્રો | શ્રી સુધીર મારવાહા (ન્યુ દિલ્હી) | zic.dl9@srcm.org |
| 10 | પંજાબ | મેજ.જન.(રિટા.)હરભજનસીંઘ (ચંદિગઢ) | zic.pb10@srcm.org |
| 11 A | જમ્મુ કાશ્મીર | શ્રી સુરેન્દ્ર શર્મા (જમ્મુ) | zic.hpjk11@srcm.org |
| 11 B | હિમાચલ પ્રદેશ | શ્રી સુરેન્દ્ર શર્મા (જમ્મુ) | zic.hpjk11@srcm.org |
| 12 A | યુપી વેસ્ટ | શ્રી અશોકકુમાર ગર્ગ (મીરટ) | zic.up12a@srcm.org |
| 12 B | યુપી શાહજહાનપુર | શ્રી પ્રભાતકુમાર સિંહા (બાંકેગંજ) | zic.up12b@srcm.org |
| 12 C | યુપી લખનૌ | શ્રી આશિષકુમાર સીંઘ (કાનપુર) | zic.up12c@srcm.org |
| 12 D | યુપી અલાહાબાદ | શ્રી આશિષકુમાર સીંઘ (કાનપુર) | zic.up12d@srcm.org |
| 12 E | યુપી ઈસ્ટ | શ્રી અવધેશ સીંઘ (ગોરખપુર) | zic.up12e@srcm.org |
| 13 | વેસ્ટ બેન્ગાલ–કોલકતા | શ્રી અજયકુમાર ભટ્ટાર (કોલકતા) | zic.wb13@srcm.org |
| 14 | ઓડિશા | શ્રી ગાંધર્બ બેહરા (ભુવનેશ્વર) | zic.or14@srcm.org |
| 15 | અરુણાચલ,ઈસ્ટ આસામ, નાગાલેન્ડ | શ્રી ઈશ્વર પ્રસાદ (તિનસુખિયા) | zic.arnl15@srcm.org |
| 16 | મેઘાલય,વેસ્ટ આસામ, ત્રિપુરા, મણિપુર, મિઝોરામ | શ્રી ધાનીચંદ (ગૌહાતી) | zic.as16@srcm.org |
| 17 | બિહાર | શ્રી મનોજ તિવારી (રાંચી/કોલકતા) | zic.brjh17@srcm.org |
| 18 | ઉત્તરાખંડ | શ્રી ભૂપેન્દ્રસીંઘ ચુફાલ (અલમોરા) | zic.uk18@srcm.org |
| 19 | છત્તીસગઢ | શ્રી દિપક ત્યાગી (રાયપુર) | zic.ct19@srcm.org |
| 20 | ઝારખંડ | શ્રી મનોજ તિવારી (રાંચી/કોલકતા) | zic.brjh17@srcm.org |
| 21 | હરિયાણા | શ્રી સત્યનારાયણ મંડાલ (ન્યુ દિલ્હી) | zic.hr21@srcm.org |
| 22 | સિક્કીમ,વેસ્ટ બેંગોલ નોર્થ | શ્રી રવીન્દ્ર તેલંગ (ગેંગટોક) | zic.si22@srcm.org |




## ઓક્ટોબર 2013

ચાઈનીઝ સેમિનાર પૂરો થયા પછી, પૂ.માસ્ટરને ઠીક નહતું લાગતં અને લોકોને મળવામાં તેમને મુશ્કેલી લાગતી હતી. તેમના પગની સમસ્યા તો ચાલુ જ હતી અને તેમાં કોઈ સુધારો જણાતો નહતો. તેમણે ચાલવાનું સાવ બંધ કરી દીધું હતું કારણ કે તેમના બંન્ને પગને તળિયે હજી દુ:ખાવો હતો. ડોકટરોએ તેમને તેમના પગ ઉપર રાખવાનું કહ્યું હતું કે જેથી રૂઝ આવી જાય.

12મી ઓક્ટોબરે સવારનો નાસ્તો કરી તિરૂવલ્લુરની જમીનની યોજનાની ચર્ચા કર્યા બાદ માસ્ટરે લગભગ 45 મિનીટ ગોલ્ફ કાર્ટમાં આશ્રમની અંદર ફર્યા. ચાર માણસો મદદ કરતા હોય, તો પણ તેમને ગોલ્ફ કાર્ટમાં બેસવાની મુશ્કેલી પડે છે.

સાંજે માસ્ટર તેમના શયનખંડની બહાર, કોટેજને પૂંઠ કરીને બેસતા હોય છે કારણકે ત્યાં બેસવાથી તેમને સારો તડકો મળે છે.

13મી ઓક્ટોબર રવિવારે માસ્ટરને સારુ નહતું લાગતું અને ભાઈ કમલેશ પટેલે સત્સંગ કરાવ્યો તેમજ કેટલાંક લગ્નો પણ સંપાદિત કર્યા. દશેરાની રજા હોવાથી આશ્રમમાં ઘણાં અભ્યાસીઓ હતા. કોટેજના હોલમાં ગીતા પર એક પ્રશ્નોત્તરી યોજાઈ, જેનું નિયંત્રણ ભાઈ ચક્રપાણીએ કર્યું હતું અને ભાઈ સંસ્કૃત કક્ષાને ઘણાં બધાં પ્રશ્નોના જવાબ આપ્યા, જે ગીતા અને સહજ માર્ગ પદ્ધતિની સરખામણી ઉપરના હતા. માસ્ટર તેમના રૂમમાંથી આ ચર્ચા સાંભળતા હતા, અને ચર્ચાની વચ્ચે જ તેમણે માઈક ઉઠાવીને તેમનો અભિપ્રાય જણાવ્યો. આમ અચાનક માસ્ટરનો અવાજ સાંભળીને સૌ આશ્ચર્ય પામી ગયા. માસ્ટરે કહ્યું, “લક્ષ્ય પર પહોંચવાનો જે એકમાત્ર ચોક્કસ માર્ગ હું જાણું છું, તે છે, સેવા કરવી.”

કાર્યક્રમ પૂરો થયે સહુ વિખરાયાં. માસ્ટર કોટેજના હોલમાં આવ્યા અને સવારે જેમનાં લગ્ન થયાં હતાં, તે નવયુગલોને મળ્યા. બીજાં કેટલાંક અભ્યાસીઓ પણ ત્યાં હાજર હતા.

16મી ઓકટોબરે યોજાનાર પ્રશિક્ષક સેમિનાર માટે માસ્ટરે લાંબી ચર્ચા કરી. તેમણે ‘પ્રશિક્ષકના જીવન’ વિષે પણ કહ્યું હતું, માત્ર ‘પ્રશિક્ષકના કાર્ય’ માટે જ નહીં.

### ચાઈનીઝ પાઠ

એક સવારે નાસ્તા પછી માસ્ટર ખૂબ થાકી ગયા હતા અને તેઓ પથારીમાં સૂતા હતા પણ તેમને ઊંઘ નહતી આવતી. બે બહેનો તેમને ચાઈનીઝના પાઠ શીખવાડવા આવી હતી, તો સૌએ જોયું કે માસ્ટર એકદમ તાજગીમાં આવી ગયા અને ઉત્સાહી થઈ ગયા. પછી તેઓ ઓફિસમાં આવ્યા. કોઈએ પૂછ્યું કે તેમને ભાષાઓ પ્રત્યે રસ કેવી રીતે જાગ્યો. માસ્ટરે કહ્યું, “જુઓ, મને લોકો બહુ જ ગમે છે. તેથી મારે તેમના વિશે જાણવું હોય છે, તેમની સંસ્કૃતિ વિશે જાણવું હોય છે, તેમની સાથે વાત કરવી હોય છે. તેથી મારે ભાષા શીખવી જ જોઈએ.”

એક સાંજે કોટેજની સામે ઘણાં બધાં અભ્યાસીઓ ભેગાં થયાં હતાં. ઘણું મોડું થઈ ચૂક્યું હતું અને માસ્ટર આરામ કરતા હતા. તેઓ બહાર આવે એવું જરાય લાગતું નહતું. અચાનક, સાંજે સાત વાગે માસ્ટર બહાર આવ્યા અને બધાંને મળ્યા. તેમણે હિંદીમાં કહ્યું, “મને એ જાણીને ખુશી થઈ છે કે તમે સૌ આ આશ્રમમાં આવવા માટે ઘણે દૂરથી આવ્યાં છો. ઘણાં અભ્યાસીઓ મણપાક્કમમાં સ્વયંસેવા કરવા માટે આવે છે. હું અભ્યાસીઓને ભલામણ કરીશ કે પહેલાં તેઓ તેમના પોતાના આશ્રમમાં કામ કરે, આશ્રમને સ્વચ્છ અને સુઘડ રાખે. તે તમારું ઘર છે. મહેરબાની કરીને તે ચોખ્ખું રાખો. આંતરિક અને બાહ્ય સફાઈ, બંને અગત્યની છે.” પ્રેમ વિશે વાત કરતા માસ્ટરે ઉદાહરણ આપ્યું, “એક દિવસ કૃષ્ણ દ્વારકાથી બહાર જવાના હતા. રાધાએ કૃષ્ણને માત્ર તેને માટે જ બંસરી વગાડવાનું કહ્યું. કૃષ્ણે જવાબ આપ્યો, હું હંમેશાં તારા માટે જ બંસરી વગાડું છું પણ બીજાં બધાંને પણ તે સંભળાય છે.”

### 20મી ઓક્ટોબર, રવિવાર

ગીતાના કાર્યક્રમ પછી, માસ્ટરે વીડિયો દ્વારા ફ્રાન્સના નીસ શહેરના લોકો સાથે વાતચીત કરી. ભાઈ પોલ જોલે સેમિનાર વિશે વાત કરી અને કહ્યું કે તે ખૂબ અસરકારક રહ્યો હતો. માસ્ટરે કહ્યું, “મને જણાય છે કે આ સેમિનારોથી તમે વિકાસ પામો છો, પણ થોડો થોડો.” પછી તેમણે કહ્યું, “હવે તમારે બીજાંઓને પણ આ માટે મદદ કરવી જ જોઈએ. જેમ હું વારંવાર કહું છું, તેમ આપણે માત્ર આપણા માટે જ વિકસવાનું નથી. એ વિકાસની જાણે હારમાળા જેમ હોય છે.” તેમણે આવા વિકાસને ‘વૈશ્વિક વૃક્ષ’ સાથે



સરખાવ્યો. આવા વૈશ્વિક વૃક્ષને અગણિત પાન હોય છે, અનેક ડાળી અને ડાળખાં હોય છે, પરંતુ તે બધાં એક જ હોય છે. તે જુદા નથી હોતા, તે બધાં વૃક્ષનો જ ભાગ હોય છે. પછી તેમણે આને 'પારસમણિ' સાથે સરખાવ્યું. તેમણે કહ્યું, કે મારા ગુરુજીએ કહ્યું હતું કે 'હું શિષ્યો નથી બનાવતો, હું ગુરુઓ બનાવું છું.' બધાં ગુરુ ન બની શકે, પણ બધાં ગુરુ જેવા બની શકે છે. છેલ્લે તેમણે કહ્યું, એક રીતે હું તમારી સાથે રહીને ખુશ થયો છું, પણ હું બહુ ખુશ નથી થયો કારણ કે હું બીજી રીતે તમારી સાથે નથી રહી શકતો. પછી માસ્ટરે કહ્યું, "હું ત્યાં છું જ. મારું માનો, હું મારા હૃદયમાં તમારા સૌની સાથે છું."

તેમની તબિયત વિશે વાત કરતા માસ્ટરે કહ્યું કે તેમને સારું નહતું લાગતું અને તેઓ મોડા ઉઠ્યા હતા, તેમ છતાં તેમણે પોતાની જાતને તૈયાર કરી. તૈયાર થયા અને નાસ્તો કર્યો અને વ્હિલચેરમાં બેસીને ફરવા નીકળ્યા. માસ્ટરે કહ્યું, "તેથી તમે સૌ મને તાજગીભર્યો જુઓ છો. કોઈ માંદગી નહીં, થાકની પણ કોઈ ફરિયાદ નહિં. તેથી જો હું કરી શકું છું તો તમે સૌ પણ કરી શકો છો. જ્યારે તમને થાક હોવાનું લાગે, ત્યારે ઊભા જ થઈ જાઓ. જો તમને નિરાશા લાગતી હોય, તો તેને ખંખેરી નાંખો. જો તમે એને તમારા પર સવાર થવા દેશો, તો તેમાં મોટું જોખમ છે."

## ચેન્નાઈમાં વરસાદ

ઓક્ટોબરની 21 થી 23 ખૂબ વરસાદ પડ્યો, તેથી માસ્ટરને શ્વાસ લેવામાં થોડી તકલીફ થઈ. સવારના નાસ્તા પછી, તો તેઓ ખૂબ જ અશક્ત થઈ ગયા અને તેમને ઓક્સીજન પર રાખ્યા. ત્રણ જુદી જુદી મીટીંગો હતી. માસ્ટરે સૂચન કર્યું કેતેઓ સૌને એકસાથે મળી લે પરંતુ તેઓ સૌ જુદા જુદા સમયે આવ્યા. ફ્રેન્ચ અભ્યાસીઓએ ફ્રાન્સના ત્રણ આશ્રમો અને મણપાક્કમ આશ્રમમાં માસ્ટર અભ્યાસીઓ સાથે વાત કરી શકે, તે હેતુથી, એમ ચાર-ઠેકાણેની વીડિયો કોન્ફરન્સ યોજવાની દરખાસ્ત કરી.

પછી માસ્ટર બહાર આવ્યા અને તેમણે ફેસીલીટેટર્સ ટ્રેનીંગના અભ્યાસીઓને સંબોધ્યા. તેમણે ભારપૂર્વક કહ્યું કે કૃત્રિમ નમ્રતાથી દૂર રહેવું જોઈએ અને અભ્યાસીમાં નમ્રતા, ઉદારતા અને સાદાઈ જેવા ગુણો કુદરતી રીતે જ આવવા જોઈએ. અભ્યાસીઓએ સહજ માર્ગ પદ્ધતિના બધાં જ પાસા પર ભાર આપવો જોઈએ. વક્તવ્ય પછી માસ્ટરે સીટીંગ આપી, ત્યારે પ્રશિક્ષક બનવાના ઉમેદવારો પણ ત્યાં આવ્યા અને માસ્ટરની સામે બેઠા. 35 મિનિટના સીટીંગ પછી, તેમને ખૂબ શ્વાસ ચઢ્યો હતો.

## પ્રશિક્ષક તાલીમી કાર્યશાળા

પ્રશિક્ષક બનવાના ઉમેદવારોનું એક જૂથ બે-અઠવાડિયાની પ્રિફેક્ટ ટ્રેનીંગ વર્કશોપ માટે આવ્યું હતું. આ નવી રીત છે કે જેમાં, વિવિધ કેન્દ્રોમાંથી સૂચવાયેલા પ્રશિક્ષક બનનાર ઉમેદવાર અભ્યાસીઓ આવીને આ વર્કશોપમાં ભાગ લે છે અને વર્કશોપને અંતે તેમને પ્રશિક્ષક બનાવાય છે. બીજા અઠવાડિયા દરમ્યાન, આ બાવીસ ઉમેદવારો માસ્ટરને મળી શક્યા. માસ્ટરે ભારપૂર્વક જણાવ્યું કે પ્રશિક્ષક બનવું એ માત્ર જવાબદારી નથી, તે કરાર બની જાય છે કે તેઓ સહજ માર્ગના સિદ્ધાંતોનું પાલન કરશે અને પ્રશિક્ષક પહેલાં તો અભ્યાસી છે. તેમણે પૂછ્યું કે કેટલા જણ નિયમિત સાધના કરે છે. પછી તેમણે તેમને એક કલાક લાંબી સીટીંગ આપી.

## અભ્યાસીઓ સાથે

હમણાંથી માસ્ટર તેમના રૂમની બહાર તડકામાં બેસતા હોય છે. એક સવારે તેઓ વાત કરવાના મિજાજમાં હતા ને તેમણે કહ્યું, "જ્યારે GST હતું, ત્યારે મને એવું લાગતું હતું કે મને મિશનમાં જે કંઈ બની રહ્યું છે તે બધાંથી દૂર રાખવામાં આવતો હતો. હું નથી જાણતો કે શું થઈ રહ્યું હતું અને એ બધાનો હેતુ એ હતો કે આવી બધી બાબતોથી હું અશાંત ન થઈ જાઉં, પરંતુ હું અશાંત








થવા માંગુ છું." માસ્ટરે પણ કહ્યું તેઓ અભ્યાસીઓને નિયમિત મળવા માંગે છે. "જ્યારે હું આ શયનખંડમાં પૂરાયેલો હોઉં છું, ફક્ત ડોકટરો મારી આજુ બાજુ હોય છે. ત્યારે હું ખુબજ એકલતા અનુભવું છું"

સાંજનાં સત્સંગ પછી માસ્ટરે બધા ઓવરસીઝ અભ્યાસીઓને બોલાવ્યા અને તેમને તેઓ કોટેજની બહાર મળ્યા અને એ સામાન્ય ચર્ચા હતી જે લગભગ 30 મિનિટ સુધી ચાલી. અચાનક, માસ્ટર એકદમ શાંત થઈ ગયા. આ એકદમ સ્થિરતા અને શાંતિનો સમયગાળો હતો કેમ કે અભ્યાસીઓ પણ એકદમ શાંત હતા અને એવું લાગતું હતું કે કુદરત પણ સાથ આપતી હોય કારણ કે ત્યાં 15 –20 મિનિટ એકદમ શાંતિ હતી. ત્યાર પછી માસ્ટરે ફ્રાન્સ નાં મિશન વિશે વાત કરવાની શરૂઆત કરી.

## નવેમ્બર 2013

### કાર્યકારી સમિતી ની મિટીંગ

દિવાળીની સાંજે મિશનની કાર્યકારી સમિતિની માસ્ટરનાં કોટેજમાં મિટીંગ હતી. મિટીંગ પહેલા તેઓમાંથી થોડા માસ્ટરને એમની ઓફિસમાં મળ્યા. બ્રધર જેકીએ તેમને સીતા વનમાં જશે એવું જાણતા ઋષિ વિશે પૂછ્યું, શું તેઓ તેણીનું ભવિષ્ય બદલીને આ કરુણતા ન અટકાવી શકયા હોત? માસ્ટરે કહ્યું, ઋષિ આ ન કરી શકયા હોત સિવાયકે એ શ્રી રામની યોજનામાં ન હોત. બીજું, આપણે બધા ચોકકસ સંસ્કારો લઈને આવીએ છીએ અને આપણે આ દુન્યવી જીવનમાં શું થઈ રહ્યું છે તે બદલી શકતા નથી. જ્યારે આપણે ઉત્ક્રાંતિ વિશે વાત કરીએ ત્યારે એ મુખ્યત્વે આધ્યાત્મિક ઉત્ક્રાંતિ હોવી જોઈએ નહીં કે ભૌતિક ઉત્ક્રાંતિ કે જે કોઈપણ સંજોગે આપમેળે થાય છે. માસ્ટરે કહ્યું શ્રી રામ અશત: અવતાર પુરુષ કહેવાતા હતા કારણકે તેમને તેમની દિવ્યતા વિશે જાણકારી ન હતી, શ્રી કૃષ્ણ તેમની દિવ્યતા વિશે જાણતાં હતાં. તેથી તે સભાનતાની ઉત્ક્રાંતિ કહેવાય અને આપણી પ્રાર્થના આપણી સભાનતાની ઉન્નતિ માટે હોવી જોઈએ.

બ્રધર કમલેશે કાર્યકારી સમિતિની કાર્યવાહી બે કલાક સુધી સંભાળી. અંતમા તેમણે માસ્ટરનો આદેશ વાંચ્યો જેમાં કહ્યું હતું કે દર વર્ષે 1/3 સભ્યો નિવૃત્ત થશે અને તેમની જગ્યાએ નવા સભ્યો ને દાખલ કરવામાં આવશે. ત્યાર પછી માસ્ટર તેમની વ્હીલ ચેરમાં બહાર આવ્યા અને થોડી ઉપસંહારાત્મક સુચનાઓ આપી. પછી તેઓ બપોરના ભોજન માટે ગયા.

### દિવાળી સેલીબ્રેશન નવેમ્બર 2–3, 2013

બે દિવસના સત્સંગ દરમિયાન 5000 થી વધુ લોકો હાજર હતાં. આયોજકોએ પુરી તૈયારી કરી હતી અને તેઓ આ મેળાવડાનુ સંચાલન કરવા માટે તૈયાર હતાં. શનિવારે માસ્ટર તેમનાં ઓરડામાં મોટી સંખ્યામાં અભ્યાસીઓને મળ્યા. તેઓ ખુબ સારા મૂડમાં હતાં અને બધાંને મળ્યા. બંને દિવસ માસ્ટરે સત્સંગમાં ધ્યાન કરાવ્યું અને બ્રધર કમલેશે વ્હીસ્પર્સનાં સંદેશા વાંચ્યા જે હાલમાંજ મળ્યા હતાં.

તા. 5મી નવેમ્બરે વડાકાંગુલમ (તામિલનાડુંનાં દક્ષિણ ભાગમાં) ગામનાં થોડાં અભ્યાસીઓને માસ્ટરે આવકાર્યા, કે જેઓ ત્યાં બંધાયેલ આશ્રમ કે જે તેઓ મિશનને દાનમાં આપવાં આવ્યાં હતાં તેનાં દસ્તાવેજ માસ્ટરને સોંપ્યા.

તા. 8મીએ માસ્ટરે બ્રધર કમલેશ સાથે નૈતિકતા અને સદાચાર પર ચર્ચા કરી. તેઓ આશ્રમ ઉપર ચાલી રહેલ વિવિધ કાયદાકીય ફરિયાદ વિશે ચિંતિત હતાં અને તેઓ આમ તેમનાં વારસદારોએ સંભાળવુ પડે એમ છોડવા માંગતા નથી.

## ઓમેગાના બાળકો સાથે

તા. 9મી નવેમ્બર નાં શનિવારની સાંજે માસ્ટર ઓમેગાનાં વિદ્યાર્થીઓને મળ્યા કે જેઓ ફુટબોલ મેચ જીત્યા હતાં અને હવે પછીનાં રાઉન્ડમાં રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા જઈ રહયા હતા. તેમણે તેમને અભિનંદન આપ્યા અને સારું કરવા માટેની ઈચ્છા વ્યક્ત કરી. તેમણે બાળકોને કહ્યું "તમારે બધાએ રમત ફક્ત રમત તરીકે રમવી જોઈએ. જીતવું એક જ ઉદ્દેશ્ય ન હોવો જોઈએ. જ્યારે બે જણા રમે ત્યારે એક તો કોઈપણ રીતે હારે છે. પરંતુ ખેલદિલીની ભાવના મહત્વ ની હોવી જોઈએ."

## ફ્રેન્ચ સેમીનાર

રવિવાર તા. 10 નવેમ્બરે, માસ્ટર ત્રણ આશ્રમ નાઈસ, મોન્ટપીલર



અને પેરીસનાં અભ્યાસીઓને એકસાથે જોઈ શકયા. તેઓ પ્રભાવિત થયા અને કહ્યું ભવિષ્યમાં એવો દિવસ આવશે જ્યારે તેઓ ઘણાં આશ્રમોને જોઈ શકશે અને બધાને એક સાથે સંબોધી શકશે. નાનાં વકતવ્ય અને સત્સંગથી સત્ર પૂરું થયું. સાંજે ઓડિટોરીયમ ખંડમાં કાર્યક્રમ ચાલુ થયો જેમાં બ્રધર કમલેશે ફ્રાન્સનાં ત્રણે આશ્રમનાં અભ્યાસીઓને સંબોધન કર્યું. તે સવાલ–જવાબનું સત્ર હતું અને બ્રધર કમલેશે લગભગ દસ સવાલોનાં જવાબ આપ્યા કે જે બધા સવાલોને ભેગા કરીને બનાવવામાં આવ્યા હતા.

## બ્રધર માધવનાં ઘરે

તા. 11 થી 18 નવેમ્બરે માસ્ટર બ્રધર માધવનાં ઘરે રહયા કે જે આશ્રમની બરોબર પાછળ છે. માસ્ટર માટે આ એક હવા ફેર માટેનો બદલાવ હતો અને તેઓ ખૂબ ખુશ હતાં. તા. 11 મીની સાંજે, માસ્ટર માટે એક ખાસ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. રશિયન ફેડરેશનનાં મુખ્ય એલચી શ્રી નિકોલયને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું અને માસ્ટરે તેમનું સ્વાગત બરાબર થાય તે માટે ખાસ કાળજી લીધી હતી. રશિયાનાં એક કલાકારે "રશિયન સિંગીંગ બેલ" રજૂ કર્યું, જેમાં બેલ્સ અને જુદી જુદી સાઈઝની બ્રાસ પટ્ટીઓ વાપરીને સંગીત વગાડવામાં આવે છે.

માસ્ટર જ્યારે બ્રધર માધવનાં ઘરે હતાં ત્યારે તેઓ સવારનાં તેમનું કામ કરતા હતાં અને પછી થોડા હાજર રહેલ લોકોને ધ્યાનની બેઠક આપતાં. સાંજનાં આરામ પછી તેઓ બીજા સેન્ટરમાંથી મુલાકાત લેવા આવતા મોટી સંખ્યામાં અભ્યાસીઓને ધ્યાનની બેઠક આપતાં. તેઓ તેમને સારી રીતે



મળતાં અને પછી તેમનાં ફીઝીઓથેરાપીસ્ટ સાથેનાં કાર્યક્રમ માટે તેમનાં શયનખંડમાં જતાં. માસ્ટરને જેટલો જોઈતો હતો એટલો આરામ મળ્યો અને સાથે સાથે અભ્યાસીઓ સાથે પણ સમય વીતાવ્યો. તેઓ તા. 18મીએ આશ્રમ પાછા ફર્યા.

## બેક ટુ રુટીન

શનિવાર તા. 30 નવેમ્બર 2013: સવારે માસ્ટર તેમનાં કાર્ય અને ચર્ચાઓ માં રોકાયેલ હતાં. તેમણે મિશનનાં પુસ્તકો સમયાંતરે બહાર પાડવા ઉપર ભાર મૂકયો જેથી અભ્યાસીઓ ઉપર બધાં પુસ્તકો સાથે ખરીદવાનો ભાર ન આવે.

ત્યાર પછી ચર્ચાનો વિષય બદલાયો, અને આવતા વર્ષના ઉત્સવો વિશે ચર્ચા થઈ. એવું નક્કી કરવામાં આવ્યું કે આવતે વર્ષે, પૂ.લાલાજી અને પૂ.બાબુજી, બંનેના જન્મદિનની ઉજવણી તિરૂપુરમાં કરવી તથા પૂ.માસ્ટરના જન્મદિનની ઉજવણી તિરૂવલ્લુરમાં, નવી મેળવેલી જમીન પર કરવી.



## મુસાફરીની ઉત્કંઠા

માસ્ટરને મુસાફરીની તાલાવેલી ફરીથી લાગી હોય તેમ જણાઈ રહ્યું છે. ભાઈ કમલેશ પટેલ અને અન્યો સાથેની વાતચીત દરમ્યાન, આ મુસાફરીની તડપ, સપાટી ઉપર આવી રહી તેવું લાગે છે. તેમણે ભાઈ કમલેશને કહ્યું, "જ્યારે હું સ્વસ્થ થઈશ, ત્યારે તમારે અને મારે વડાકાન્ગુલમ જવું જ જોઈએ, આમ તો હું સ્વસ્થ જ છું પણ હું માંદો પડ્યો તે પહેલાં જેમ મારી લાકડી સાથે કે કોઈનો હાથ પકડી ચાલતો હતો તેમ ચાલવાની મારી ક્ષમતાને મારે હાંસલ કરવી પડશે. તેમણે કઈ રીતે મુસાફરી કરવી તેના જુદા જુદા પ્રકારો વિષે વિચારી છેવટે રોડ માર્ગે મુસાફરી કરવાનું પસંદ કર્યું અને તે માટેની રૂપરેખા તૈયાર કરી.

બીજા એક પ્રસંગે, તેમણે મીન્સ્કના પ્રવાસની વાત કરી. માસ્ટરે તેમની સાથે પ્રવાસમાં કોણ સાથ આપશે તેની સૂચિ પણ તૈયાર કરી. તેમણે કહ્યું કે તેઓ શાહજહાંનપુર પણ જવા ઈચ્છે છે, પણ તેઓ કોઈ પણ પ્રકારની જાહેરાત કર્યા વિના જવા ઈચ્છે છે કારણકે નહીં તો ભીડ કાબૂ બહારની થઈ જશે.

## કાર્ય માટેની ધગશ.

જરા પણ ઢીલા પડ્યા વગર કામ કરવાનો જુસ્સો તેમના ઉપર કામનો ઢગલો ખડકી દે છે. જ્યારે પૂછવામાં આવ્યું કે તેમણે એસ.એમ.એસ.એફ.નો કારોબાર કોઈ પણ કાર્યકરની નિમણુંક વિના કેમ સંભાળેલો છે, ત્યારે તેમણે કહ્યું, "હું બધું જ કરી શકું છું" તેમણે ઉમેર્યું, "હું કામ કરું છું એટલે જીવી રહ્યો છું. કામ ના કરતો હોત, તો પાંચ વર્ષ પહેલાં મૃત્યુ પામ્યો હોત."

## માસ્ટરની નવીનતમ પરિયોજના– તિરુવલ્લુર.

માસ્ટરે તિરુવલ્લુરમાં 113 એકર ક્ષેત્રફળ વાળી મિલકતની દેખભાળ માટે, અને તેમના જન્મદિનની જુલાઈ 2014માં ઉજવણી કરવા માટે ભાઈ પી. આર. કૃષ્ણાની નિમણુંક કરેલી છે. માસ્ટર એસ.એમ.એસ.એફના બુનિયાદી ઢાંચાના વિકાસના કામ ઉપર અને તેની પ્રવૃત્તિઓ જેવીકે વિપુલ પ્રમાણમાં પાણી ઉપલબ્ધ હોય ત્યાં ખેતીવાડીમાં સાતત્ય લાવવા જમીનને ફળદ્રુપ બનાવવા દેખરેખ રાખી રહ્યા છે.

*સહજ સંદેશ ક્રમાંક: 2013.54*

બુધવાર, 18 ડીસેમ્બર 2013.

વહાલા ભાઈઓ તથા બહેનો,

આ વર્ષ 2014માં, ત્રણ મુખ્ય ઉત્સવોનુંનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં 2જી ફેબ્રુઆરીના રોજ લાલાજી મહારાજની જન્મજયંતિ (ચાર દિવસ–1લી, 2જી, 3જી અને 4થી ફેબ્રુઆરી), 29મી, 30મી એપ્રીલ અને 1લી મેના રોજ બાબુજી મહારાજની જન્મજયંતિ. આ બંન્ને ઉત્સવો ડી.જે.પાર્ક, તિરુપ્પુર, ભારત ખાતે ઉજવાશે; વર્તમાન પ્રમુખના જન્મદિનની ઉજવણી, 23મી, 24મી અને 25મી જૂલાઈના રોજ ચેન્નાઈની નજીક આવેલા તિરુવલ્લુરમાં ભારત ખાતે થશે. છેલ્લે દર્શાવવામાં આવેલી ઉજવણી, તિરુવલ્લુર ખાતે, તાજેતરમાં સંપાદિત કરાયેલ ખેતીવાડીની જમીન કે જેની ઉપર હાલમાં કામ ચાલુ છે ત્યાં થવાની છે.

મારુ સૂચન છે મોંઘવારીના દિવસોમાં, અભ્યાસીઓ ત્રણમાંથી કોઈ પણ એક ઉત્સવને પસંદ કરે અને તેને માટે શક્ય હોય તેટલા વહેલા નોંધણી કરાવે જેથી અમને ખ્યાલ આવે કે દરેક ઉત્સવના સ્થળ ઉપર કેટલા અભ્યાસીઓ આવવા માટે વિચારી રહ્યા છે.

આ અભ્યાસીઓને તેમના પરિવાર સાથે આવવાનું શક્ય બનાવશે, જ્યારે જે અભ્યાસી ત્રણેય ઉત્સવમાં આવવા ઈચ્છે છે ત્યારે તેના માટે પરિવાર સહિત આવવું અત્યંત મુશ્કેલીભર્યું બને છે. આ વિનંતિ ઉપર ગંભીરતાપૂર્વક વિચારશો અને કોઈ પણ એક ઉત્સવ માટે શક્ય હોય તેટલી વહેલી નોંધણી કરાવાશો.

જે અભ્યાસીઓ કોઈ પણ ઉત્સવમાં હાજરી આપી શકે તેમ ના હોય તેઓ, પોતે જ્યાં પણ હોય ત્યાં, પોતાના કેંન્દ્રમાં ભાગ લઈ શકે છે. આવા કિસ્સાઓમાં ઉત્સવ માત્ર એક દિવસ માટે રાખવામાં આવશે, જેમ કે 2જી ફેબ્રુઆરી, 30મી એપ્રીલ અને 24મી જૂલાઈ. હંમેશ મુજબ, જો તે પણ શક્ય હોય તો અભ્યાસીઓને ઉત્સવમાં ભાગ લેવા માટે નજીકના આશ્રમમાં જવા વિનંતિ કરવામાં આવે છે. નહીં તો, તેના બદલે આજની પ્રવર્તમાન આર્થિક પરિસ્થિતિઓમાં, પોતાના ઘરે રહેવું શક્ય છે.

બધાને આશિર્વાદ.

પી. રાજગોપાલાચારી

## નવી નિમણુંક

**ભાઈ પૂરણમલ બૈધા**

આશ્રમ પ્રબંધક, જયપુર

## પ્રશિક્ષકોની મીટીંગ

### નવા પ્રશિક્ષકો માટેનો વર્કશોપ. મણપાક્કમ



પ્રશિક્ષકો દ્વારા પૂરી પડાતી સેવાની ગુણવત્તાને વધારે સુધારવા માટે, માસ્ટરે તેઓની તાલિમ અને તૈયારી માટે નવી પ્રક્રિયાનો આરંભ કર્યો છે. પ્રશિક્ષક ઉમેદવારોને બે અઠવાડીયાના કાર્યક્રમ માટે લેવામાં આવે છે જે વધારે ઊંડા જ્ઞાન, પ્રતિબધ્ધતા અને ઉદ્દેશ્યની સ્પષ્ટતા સાથે તેઓને તૈયાર કરે છે. મણાપક્કમ ખાતે ઓકટોબર અને ડીસેમ્બર મહીનાઓમાં દરેકમાં બાવીસ ઉમેદવારો સાથેની બે બેચની તાલિમ પૂરી કરવામાં આવી, અને તેઓને પ્રશિક્ષક તરીકે સેવા આપવાની પરવાનગી આપવામાં આવી. ઉમેદવારો દેશના વિવિધ ભાગોમાંથી આવે છે અને ઘણા તો એવા કેંન્દ્રોમાંથી આવે છે, કે જ્યાં પ્રશિક્ષકો નથી. માસ્ટરે ઉમેદવારોને બેઠકો આપીને તથા પ્રશિક્ષક તરીકેની તેઓની આગળની જીંદગી માટે તેઓને તૈયાર કરીને તથા તેઓ સાથે વાતચીત કરીને અંગત રીતે સમય ફાળવ્યો હતો.

### લખનૌ, ઉત્તરપ્રદેશ

20મી થી 24મી નવેમબર દરમ્યાન, એનસીઆર, ઉતરાખંડ, યુપી (પશ્ચિમ) અને યુપી(મધ્ય) આ ચાર ઝોનમાંથી ચોર્યાશી પ્રશિક્ષકોએ , બીએમએ, લખનૌ દ્વારા આયોજીત 'પ્રશિક્ષકોના અનુભવને મજબૂત બનાવવો" કાર્યક્રમમાં હાજરી આપી. આ કાર્યક્રમમાં માત્ર પ્રવચનોને સાંભળવાને બદલે આત્મનિરીક્ષણ અને અનુભવોના આદાન–પ્રદાન ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. સહભાગીઓમાં સમજણ અને આત્મનિરીક્ષણ માટે મદદ કરવા માટે માસ્ટરના વ્યાખ્યાનોને સંભળાવવામાં આવ્યા. સહભાગીઓના ચમકતા ચહેરા ઉપર આ કાર્યક્રમના પરિણામો દેખાઈ આવ્યા હતા. તેઓ બધાએ સંપૂર્ણ માનવી, સાચા અભ્યાસી, અને ઉત્તમ પ્રશિક્ષક બનવાનો સંકલ્પ કર્યો.

### સોનપત, હરીયાણા

તેર પ્રશિક્ષકોની એક બેઠક સોનપત આશ્રમ, હરીયાણા ખાતે 10મી નવેમ્બર 2013ના રોજ રાખવામાં આવી હતી. ભાઈ કમલેશની ઝેડ.આઈ.સીઓની સાથે બેઠક દરમ્યાન ઉઠાવવામાં આવેલા મુદ્દાઓની ઝેડ.આઈ.સીએ ચર્ચા કરી. બેઠક બપોરના એક વાગ્યા સુધી ચાલી અને બપોરના ભોજન બાદ, પ્રશિક્ષકો છૂટા પડ્યા.

### લુદીયાણા, પંજાબ

પંજાબ, ચંદીગઢ, અંબાલા, મંડી અને દબવાલી કેંન્દ્રોના પ્રશિક્ષકોની બેઠક 17મી નવેમ્બરના રોજ, લુધીયાણા ખાતે રાખવામાં આવી હતી. આશરે વીસ પ્રશિક્ષકોએ હાજરી આપી હતી. ભાઈ મેજર જનરલ (નિવૃત) હરભજન સિંઘે, ઝેડ.આઈ.સી, એ બેઠકની અધ્યક્ષતા કરી. ઝેડ.આઈ.સીએ આ ઝોનના પ્રશિક્ષકાને અને અભ્યાસીઓને પ્રોત્સાહિત અને સક્રિય કરે તેવા મુદ્દાઓ ઉપર ધ્યાન કેંન્દ્રિત કર્યુ વિવિધ સ્વયંસેવાના કાર્યોમાં સામેલ થવું, શૈક્ષણિક કાર્યક્રમો, પુસ્તક વાચન, પ્રશિક્ષકોની માસીક બેઠક, અને બાળકોની મીશનની પ્રવૃત્તિઓમાં ભાગીદારી તથા પડોશીને સામેલ કરીને વિચાર વિનીમય માટેની ઔપચારિક બેઠકો કરવી તેવા મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી. ઝેડ.આઈ.સી દ્વારા આપવામાં આવેલા સંદેશાને સહભાગીઓએ સારી રીતે સ્વીકાર્યો.





# કાર્યકર્તાઓનો પ્રવાસ





## ઝેડ.આઈ.સી ની તામિલમાડુ(દક્ષિણ)ની મુલાકાત

19મી ઓકટોબરે શ્રીવિલ્લીપુથૂર પહોંચીને ભાઈ એન. પ્રકાશે તથા ઝેડ.આઈ.સી ભાઈ ટી.વી. વિશ્વનાથ રાવે આભ્યાસીઓ સાથે વૃક્ષારોપણ કર્યું. ત્યાર બાદ, કેંન્દ્રના વિકાસ માટે લેવાના પગલાઓ ઉપર ચર્ચા કરવામાં આવી. પ્રશિક્ષકોની ટીમ સહિત, તેઓએ કાલાશાલિંગ્રામ વિશ્વવિદ્યાલયની મુલાકાત લીધી, અને એમ.બી.એ. ના સિત્તેર વિદ્યાર્થીઓ સાથે ઓપન હાઉસનું સંચાલન કર્યું વિશ્વવિદ્યાલયના ઉપ–કુલપતિ તથા કુલસચીવે, ઓપન હાઉસના સત્રો બધી જ મહાશાળાઓ સુધી વિસ્તારવા માટેનો પ્રસ્તાવ મૂક્યો અને અભિલાષી વિદ્યાર્થીઓ માટે સહજ માર્ગ ઉપર એક અઠવાડીયાનો લાંબો પરિસંવાદ યોજવાનો પણ પ્રસ્તાવ મૂક્યો.

ટીમે રાજપલાયમની મુલાકાત લીધી જ્યાં સત્સંગ બાદ, ટુંકી ઔપચારિક ચર્ચા રાખવામા આવી હતી, અને ત્યાર બાદ તેઓ રાત્રી રોકાણ માટે વિરુધુનગર આશ્રમ જવા રવાના થયા. 20મી ઓકટોબરના રોજ, સવારના સત્સંગ બાદ, વિરુધુનગરના અને અરુપ્પુકોટ્ટાઈ કેન્દ્રના અભ્યાસીઓ સાથે, આશ્રમના પર્યાવરણની જાળવણી ઉપર ધ્યાન કેંન્દ્રિત કરતી બેઠકનું સંચાલન કરવામાં આવ્યું હતું. સવારે આશરે 11 કલાકે ભાઈ રાવ અને ભાઈ પ્રકાશ તિરુપ્પુર જવા રવાના થયા.

## સંયુક્ત સચિવની તામિલનાડુ (દક્ષિણ)ની મુલાકાત

22મી નવેમ્બરના રોજ, ભાઈ એ.પી.દુરાઈ(સંયુક્ત સચિવ)એ મનામદુરાઈ, શિવગંગાઈ, અને મેલુર કેંન્દ્રોની મુલાકાત લીધી જ્યાં તેમણે સત્સંગોનું સંચાલન કર્યું અને સંવાદાત્મક સત્રોમાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા અને અભ્યાસને લગતા તેમના અનુભવો વિષે ચર્ચા કરી.

23મી નવેમબરના રોજ, તેમણે શ્રીવિલ્લીપુથુરની મુલાકાત લીધી અને સત્સંગ બાદ, તેમણે જ્યારે સહજ માર્ગનો અભ્યાસ કરતા હોઈએ ત્યારે ધર્મ, ભાષા, જાતી, પંથ અને સંસ્કૃતિ વગેરેથી દૂર રહેવા પ્રવચન આપ્યું તેમણે અભ્યાસીઓને સહજ માર્ગ અને સતત સ્મરણ ઉપર બોલવા પ્રોત્સાહિત કર્યા. આશરે સાંજે 4 કલાકે તેમણે પશ્ચિમ ઘાટની તળેટીમાં આવેલા સેથુનારાયણપુરમની મુલાકાત લીધી અને ત્યાં એક ઓપન હાઉસના સત્રમાં હાજરી આપી તેમાં 22 જણે ભાગ લીધો હતો. તેઓ એક ઉપકેન્દ્ર પેરીયાર જવા નીકળ્યા, ત્યાં એક ચર્ચા સત્ર અને સત્સંગ પછી મદુરાઈ પાછા ફર્યા.

24મી નવેમ્બરના રોજ મદુરાઈ આશ્રમમાં સત્સંગ કરાવ્યો, જેમાં મદુરાઈ અને આજુબાજુના સેન્ટરોના 560 અભ્યાસીઓએ ભાગ લીધો હતો. સમૂહ ચર્ચા રાખવામાં આવી હતી, તથા સવારે 'ચીઠ્ઠી ઉપાડો અને એમાં લખેલા વિષય ઉપર બોલો' સત્રમાં હાજરી આપી. સાંજે, તેમણે યુવા ટીમના સભ્યોને સહજ માર્ગ અને તેમના પોતાના કેંન્દ્રને વિસ્તારવાના આયોજનો ઉપર બોલવા કહ્યું. તેમણે આખા દિવસના કાર્યક્રમનું સમાપન સત્સંગ સાથે કર્યું

## ભાઈ રાજેશ રાઠોડની ઉત્તર કર્ણાટકની મુલાકાત

ભાઈ રાજેશ રાઠોડે, 15મી થી 17મી નવેમ્બર દરમ્યાન ઉત્તર કર્ણાટકના રાઈચુર, શોરાપુર, સેડામ, હુમ્નાબાદ, બિડાર, અને ગુલબર્ગા કેંન્દ્રોની મુલાકાત લીધી. છ આભ્યાસીઓની ટીમ સાથે ભાઈ રાજેશે આ કેંન્દ્રોની મુલાકાત લીધી, અને સત્સંગોનું સંચાલન કર્યું અને અભ્યાસીઓને સંબોધ્યા.

17મીએ, ગુલબર્ગા આશ્રમ ખાતે, ગુલબર્ગા તથા તેની આસપાસના કેંન્દ્રના 250 અભ્યાસીઓએ પૂર્ણ દિવસીય કાર્યક્રમમાં હાજરી આપી. ત્રણ સત્સંગોનું સંચાલન કરવામાં આવ્યું ભાઈ રાજેશે પ્રવચન કર્યું જેના પછી અભ્યાસીઓ સાથેનું પરસ્પર સંવાદાત્મક સત્ર અને પ્રશિક્ષકો સાથેની બેઠક રાખવામાં આવી હતી. ભાગ લેવા બદલ, બધા જ કેંન્દ્રોના અભ્યાસીઓએ ખુશી વ્યકત કરી. ઘણા બધા અભ્યાસીઓએ વાતાવરણમાં માસ્ટરની હાજરી અને પ્રેમને અનુભવ્યા.



## ચેમ્મિગાનુર આશ્રમનું ઉદઘાટન, આંન્ધ્ર પ્રદેશ.



પૂજ્ય માસ્ટરે, ચેમ્મિગાનુર આશ્રમનું ઉદ્‌ઘાટન, 3જી નવેમ્બરના રોજ દિવાળીના દિવસે કર્યુ. આ આશ્રમ આંન્ધ્ર પ્રદેશના કર્નુલ જીલ્લામાં આવેલો છે. આ આશ્રમનો શિલાન્યાસ ભાઈ અજય ભટ્ટર દ્વારા 2007માં કરવામાં આવ્યો હતો. આશ્રમની જમીનનું ક્ષેત્રફળ 2.5 એકરથી વધારે છે જેને ફરતે સાત ફૂટ ઊંચી દીવાલ છે. તેમાં ધ્યાન ખંડ છે જે આશરે 400 અભ્યાસીઓને સમાવી શકે છે. તેમાં રસોડું અને શૌચાલયો પણ છે. આ આશ્રમ અદોની રોડ ઉપર આવેલો છે અને ત્યાં પહોંચવા માટે જમીન માર્ગ અને રેલ્વેની સુવિધા છે. તેની ફરતે છ એકર જમીનમાં અભ્યાસીઓની વસાહત આવેલી છે. બાંધકામથી માસ્ટર એકદમ ખુશ છે અને તેમણે સ્થાનિક અભ્યાસીઓ દ્વારા કરવામાં આવેલા કામને બિરદાવ્યું.

બપોરે પાંત્રીસ અભિલાષીઓની હાજરીમાં ઓપન હાઉસનું સંચાલન કરવામાં આવ્યું બપોરના ભોજન બાદ, વીડીઓ દર્શાવવામાં આવી. ત્યાર બાદના, પ્રશ્નોત્તરીના સત્રમાં, અભ્યાસીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા સામાન્ય સંદેહોનું સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું આયોજન બસાવકાલ્યનના અભ્યાસીઓ દ્વારા કરવામાં આવ્યું હતું અને તે અત્યંત અસરકારક હતું.

## બાળકોનો કાર્યક્રમ, થુમકુન્ટા, આંન્ધ્ર પ્રદેશ.

યુવા સ્વયંસેવકોની ટીમે, 6ઠી અને 27મીઓકટોબરના રોજ, ક્ષેત્રીય આશ્રમ ખાતે, પિસ્તાળીસ બાળકો માટે આખા દિવસના કાર્યક્રમનું સંચાલન કર્યુ 6ઠીના રોજ, સી.આઈ.સીએ ભારપૂર્વક જણાવ્યું કે આશ્રમ એવી જગ્યા છે કે જ્યાં બધા જ બાળકો ભાઈચારાના વતાવરણમાં સાથે વિકાસ પામે છે. તેમણે આશ્રમના અનુશાસનને ખ્યાલમાં રાખીને, બાળકોને મોજમસ્તિ કરવાની વિનંતિ કરી. બાળકોએ આશ્રમના વિવિધ વિભાગોની મુલાકાત લીધી અને સ્વયંસેવકો સાથે વાંતચીત કરી જેણે તેઓમાં પેતાનાપણાની ભાવના પેદા કરી. ત્યાર બાદ, લઘુનાટિકા અને ‘ખજાનાની ખોજ’ રમત રાખવામાં આવી હતી.

27મીએ વૃક્ષો વિષે સંક્ષિપ્ત પરિચય આપવામાં આવ્યો. નાના બાળકોને છોડવા વાવતા નિહાળવા તે આહલાદભર્યું હતું. બાળકોએ માસ્ટરે ઓમેગા ખાતે આપેલા વ્યાખ્યાનને સાંભળ્યું અને બપોરના ભોજન માટે છૂટા પડે તે પહેલાં, બલૂન ડાન્સને સંપૂર્ણપણે માણ્યો. તેઓએ દિવા માટેના કોડીયા શણગાર્યા જે પાછળથી અભ્યાસીઓને દિવાળીની ભેટ સ્વરૂપે વહેંચવામાં આવ્યા.

## ક્ષેત્રીય સંમેલન, ઉત્તર કર્ણાટક



બસાવકાલ્યન, બિડાર, હુમ્નાબાદ, ભાલ્કી, થનાકુશ્નૂર અને ગુલબર્ગાથી આવેલા 140 અભ્યાસીઓએ, 27મી એકટોબરના રોજ, શીવયોગી મહાશાળા, બસાવકાલ્યન ખાતે ક્ષેત્રીય સંમેલનમાં હાજરી આપી. તેનો ઉદ્દેશ્ય સ્થાનિક અભ્યાસીઓને પ્રોત્સાહિત કરવાનો અને મીશનથી વધારે પરિચિત કરાવવાનો હતો. સવારના સત્સંગ બાદ, કેટલાક અભ્યાસીઓ દ્વારા પ્રવચનો આપ્યા. ત્યાર બાદ, અભ્યાસીઓ અને બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો.

## સમજો, અનુભવો અને અભિવ્યક્ત કરો.

**બેંગલોર**



કાર્યક્રમનું આયોજન 24મી નવેમ્બરના રોજ, બાણાશંકરી આશ્રમ ખાતે અભ્યાસીઓમાં આધ્યાત્મિક મુદ્દા ઉપર લખવાની કુશળતાને શોધવા માટે કરવામાં આવ્યું હતું. તેઓને આપેલી સૂચીમાંથી કોઈ એક વિષય પસંદ કરવા માટે કહેવામાં આવ્યું હતું અને તેની ઉપર મીશનનું સાહિત્ય વાચીને લેખ લખવા જણાવાયું હતું. આશરે 100 અભ્યાસીઓની હાજરીમાં પંદર અભ્યાસીઓએ પોતાના લેખ રજૂ કર્યા, જેઓએ સહભાગીઓના પ્રયત્નોને બિરદાવ્યા. સહભાગીઓએ વ્યકત કર્યું કે આ કાર્યક્રમે તેઓને મીશનનું સાહિત્ય વાચવામાં અને માસ્ટરની સતત યાદમાં રહેવામાં મદદ કરી.

# યુવા કાર્યક્રમ

## ત્રિચી, તામિલનાડુ



10 અને 11 નેવેમ્બરના રોજ રાખવામાં આવેલો કાર્યક્રમ યુવાઓ, ઉત્સાહી યુવાઓને માટે ત્રિચી આશ્રમ ઘર બની ગયો હતો. સવારના સત્સંગ પછી ભાઈ રાજેશ રાઠોડે 'જર્ની ઓફ ધી સોલ'ની રજૂઆત કરી હતી. ભાગ લેનારાઓને પ્રશ્નપત્ર આપવામાં આવ્યું હતું જે આત્મ નિરીક્ષણ કરાવનારું અને વિચાર પ્રેરક હતું. બીજા સત્રોમાં વિડિયો દ્વારા સ્પષ્ટિકરણ, 'લીસન ટુ યોર હાર્ટ' પર અરસપરસ વાર્તાલાપનો કાર્યક્રમ, માસ્ટર, મિશન અને મેથડ વિષે ઉખાણાં અને પુસ્તક 'યુથ–એ ટાઈમ ઓફ પ્રોમીસ એન્ડ ફોર એફર્ટ' માંથી રજૂઆત કરવામાં આવી હતી. સાંજના સત્સંગ પછી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. ભાગ લેનારાઓને કૃતઘ્નતાની અને એકતાની ગહન ભાવનાનો અનુભવ થયો હતો.

## શ્રી ગંગાનગર

શ્રી ગંગાનગર કેન્દ્રમાં યુવાનો માટેના એક દિવસના કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું, તેમાં પંદર અભ્યાસીઓએ ભાગ લીધો હતો. 'ધી સીક્રેટ' નામની વિચારશક્તિની માહિતી આપતી ડોક્યુમેન્ટ્રી તેમણે જોઈ હતી; તે આપણી ઉપર કેવી રીતે કાર્ય કરે છે, આપણા જીવન પર એની અસર અને આપણા વિચારોમાં બદલાવ લાવીને આપણે આપણા ભવિષ્યનું ઘડતર કેવી રીતે કરી શકીએ એ એમાંથી જાણવા મળતું હતું. તેથી આપણામાંથી જે એવા બનવા માગતા હોય તેમણે એનો વિચાર કરવો જ જોઈએ.

એક ઉખાણું કે જેમાં વિવિધ વિષયો લખેલી કાપલીઓ દરેક અભ્યાસીઓને આપવામાં આવી હતી. દરેક અભ્યાસીએ તેમના પોતાના અનુભવના આધારે જુદા જુદા વિચારો વ્યક્ત કર્યા હતા. ઘણાં સ્પષ્ટિકરણો અને નવી જાણકારીઓ બહાર આવી હતી અને આપણી દૈનિક સાધનામાં મદદ કરવા માટે આપણા જ્ઞાનમાં વધારો કર્યો હતો.



© Shri Ram Chandra Mission

## તિરૂપુરના યુવાનો મણપાક્કમની મુલાકાતે

13 થી 15 સપ્ટેમ્બરના રોજમાં, તિરૂપુરના લગભગ 188 અભ્યાસીઓએ મણપાક્કમ આશ્રમની મુલાકાત લીધી હતી. તેઓ આધ્યાત્મિક વિકાસ અને અભ્યાસ માટેના કાર્યક્રમોમાં હાજર રહ્યા હતા અને મણપાક્કમમાં સિનિયર અભ્યાસીઓ સાથે પ્રશ્ન અને જવાબના કાર્યક્રમો રાખ્યા હતા. તેઓ 14 અને 15 તારીખે માસ્ટરને મળ્યા હતા અને તેમની સાથે થોડો સમય વિતાવી શક્યા હતા. બધા જ અભ્યાસીઓ ઘણા જ ઉત્સાહિત હતા અને તાજગીપૂર્ણ શક્તિથી ભરપૂર હોય તેમ દેખાઈ આવતા હતા.

## સંબંધો અંગેનો કાર્યક્રમ, કોલકાતા

24મી નવેમ્બરના રોજ, બહેન સ્નેહલ દેશપાંડેએ કોલકાતાના બીએમએ ખાતે, 'રીલેશનશીપ ઈન ધી લાઈટ ઓફ સહજ માર્ગ' પર બે કલાકના એક કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. તેણીએ તેના પર વધારે મહત્ત્વ આપીને સંબંધને સ્પષ્ટરીતે સમજાવ્યો હતો અને 'કનેક્ટ વીથ ધી અધર'ની વૃત્તિને વધારવાનું મહત્ત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ભાગ લેનારાઓએ ખુશીની ઉત્તમ પળોની યાદી બનાવી હતી અને એ પળો વધારે સારી કેવી રીતે થઈ શકી હોત તે શીખ્યા હતા. તે પછી દરેક જૂથને સંબંધના પ્રકારને શબ્દોમાં રજૂ કરવા માટે વિડિયો બતાવ્યો હતો અને હકારત્મક અને નકારાત્મક પાસાંઓની ચર્ચા કરવા ઉપરાંત દરેક સંબંધનું મહત્ત્વ રજૂ કર્યું હતું. વિડિયોમાં અગત્યનાં ગુણો પ્રતિબિંબિત થયાં હતાં–જેવા કે બીનશરતી પ્રેમ, અનાસક્તિ, વફાદારી, નિષ્ઠા, વિશ્વાસ, માનવતા, એક સાથે જોડાયેલા રહેવું, ધીરજ અને સહનશક્તિ. કાર્યક્રમનું સમાપન 'હાર્ટ' (હાર્ટ એનર્જી એમ્પ્લીટ્યુડ રેસોનન્સ ટેસ્ટ) સહિત થયું હતું અને 'હાર્ટ્સ કોડ' નામનું પુસ્તક વાંચવાનું કહેવામાં આવ્યું હતું. આ કાર્યક્રમથી ભાગ લેનારાઓને સફળ સંબંધોના કેટલાક અગત્યના ગુણ ગ્રહણ કરવામાં મદદ મળી હતી.



## નાની મોટી ખબર

**પોલ્લાચી, તામિલનાડુ**
1લી ડિસેમ્બરે ભાઈ પી. વી. અરુણાચલમ અને બહેન સુમતિ દ્વારા આખા દિવસના એક કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. સવારમાં ચિઠ્ઠી ઉપાડો અને આવેલા વિષય પર બોલો અને બપોરે ઉખાણાંનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અભ્યાસીઓના હૃદયમાં નિષ્ઠાવાન બનીને, સાધનામાં નિયમિત થઈને, આધ્યાત્મિકતામાં વિકાસ પામવા માટે ઉત્સાહ અને દ્રઢ નિશ્ચયનાં તાજગીભર્યાં તરંગો લાવ્યો હતો.





**દુર્ગ, છત્તીસગઢ**
20મી ઓક્ટોબરે, દુર્ગ ખાતે જીઆઈટીપીના 'સફાઈ'ના કાર્યક્રમમાં બત્રીસ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. તેમને લાગ્યું હતું કે આ કાર્યક્રમથી તેમના અભ્યાસ દરમિયાન માર્ગમાં જે અડચણો આવી હતી તે ઓળખવામાં અને આપણી પધ્ધતિમાં ભલામણ કરેલી સફાઈની પ્રક્રિયા વિષે વધારે સાર.



**જબલપુર, મધ્યપ્રદેશ**
રેવામાં સૈનિક સ્કૂલ અને જયજ્યોતિ સ્કૂલમાં ધોરણ 6થી12ના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફના સભ્યો માટે સ્વ–વિકાસ, આધ્યાત્મિકતા અને મૂલ્ય આધારિત શિક્ષણ પર વીબીએસઈના તાલીમી કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. પ્રાપ્તિ અને ઉદ્દેશ્ય, વિવિધ પાસાંની ભૂમિકા, આધ્યાત્મિકતા વગેરે વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓ અને સ્ટાફના સભ્યોએ એની કદર કરી હતી. કાર્યક્રમનું સમાપન કરતી વખતે પધ્ધતિની બાબતમાં ઘણી બધી પૂછપરછ કરવામાં આવી હતી.

**થાણે, મહારાષ્ટ્ર**
16મી નવેમ્બરે, થાણેના કોલશેટ રોડની હાસ્ય કલબમાં સત્તાવીસ ભાગ લેનારાઓ માટે ચાર પ્રશિક્ષકો દ્વારા હિંદીમાં ઓપન હાઉસનું સંચાલન કરવામાં આવ્યું હતું. સગવડ કરી આપનારાઓએ સમજાવ્યું હતું કે ધ્યાન આપણને ભૂતકાળ અથવા ભવિષ્યની ચિંતા કર્યા વગર વર્તમાનની ક્ષણોમાં જીવતાં શીખવે છે અને એ રીતે આપણને તણાવરહિત રાખે છે. પ્રશિક્ષકોએ કહ્યું હતું કે જ્યારે પણ તમને ધ્યાનની બેઠક લેવાની જરૂર લાગે ત્યારે તેમની સેવા ઉપલબ્ધ હતી.





**કુર્ગના અભ્યાસીઓની મણપાક્કમની મુલાકાત**
19થી 23 નવેમ્બર સુધી કુર્ગના પિસ્તાલીસથી વધારે અભાસીઓએ મણપાક્કમની મુલાકાત લીધી હતી. માસ્ટર એ જાણીને ખુશ થયા હતા કે કુર્ગ આશ્રમ વિકાસ પામી રહ્યો છે. અભ્યાસીઓએ તેમને કુર્ગની પારંપરિક ટોપીની સાથે સોનાનો ઢોળ ચઢાવેલી ચાંદીની પીચી કાઠી (કીરપાણ જેવું)ની ભેટ આપી હતી.

તે પછી માસ્ટરે સત્સંગ કરાવ્યો હતો. વીસ વર્ષ પહેલાં આ કેન્દ્રની શરૂઆત થઈ હોવા છતાં ગતિમાન થવાનો લાભ તેને હાલમાં મળ્યો હતો. હવે અભ્યાસીઓના ઘરોમાં સત્સંગ માટેનાં ત્રણ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે, મડીકેરી, કરગુન્ડા અને વિરાજપેટ.

## ત્રિચી, તામિલનાડુ



સપ્ટેમ્બર 2013થી અભ્યાસીઓ મિશનનાં પુસ્તકો વાંચે એ હેતુથી તેમને પ્રેરણા આપવા માટે 'લર્નિંગ ફ્રોમ લિટરેચર' કાર્યક્રમ ઘડવામાં આવ્યો હતો. રૂચિ પેદા કરવા માટે અને ઉખાણાંમાં નવીનતા લાવવા માટે અને એ મહિના માટે પસંદ કરેલા પુસ્તકમાંથી માસ્ટરના સંદેશાઓ જણાવવા માટે દરેક મહિનાના ત્રીજા રવિવારે આખા દિવસના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

અત્યાર સુધીમાં આવરી લેવામાં આવેલાં પુસ્તકો છે, રીયાલીટી એટ ડોન, માય માસ્ટર અને રોલ ઓફ ધી માસ્ટર ઈન હ્યુમન ઈવોલ્યુશન.

આ કાર્યક્રમથી ઘણા અભ્યાસીઓને મિશનનાં પુસ્તકો વાંચવાની પ્રેરણા મળી છે. એનો પુરાવો પુસ્તકોના વેચાણમાં થયેલા વધારાથી જોવા મળે છે. તેનાથી લોકોનાં દિલ ખુલ્યાં છે અને તેમના આધ્યાત્મિક વિકાસમાં તેમને થયેલા અંગત અનુભવો કહે છે. વિવિધ ક્ષેત્રોનાં પુસ્તક માટેની તેમની સમજ વધી છે. ટીમ સ્પીરિટ, ભાઈચારો અને આધ્યાત્મિકતા પ્રત્યે વધારે ધ્યાન કેન્દ્રિત કરવું એ આ કાર્યક્રમનાં પરિણામ હતાં.

## ચીકમગલૂર, દક્ષિણ કર્ણાટક





ભાઈ મોહનદાસ હેગડેએ 24થી 26 ઓક્ટોબર સુધી ચીકમગલૂરમાં એઆઈટી કોલેજ, બીએસએનએલ ઓફિસ, યુરેકા એકેડમી, એમઈએસ કોલેજ ખાતે ઓપન હાઉસના કાર્યક્રમોની શ્રેણીઓનું સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમોનો મુખ્ય મુદ્દો તણાવરહિત જીવન માટે આધ્યાત્મિકતાની આવશ્યકતા અને ધ્યાનનું મહત્ત્વ વધારવાનો હતો.


26મીએ, તેમણે હોમ ગેધરીંગનું સંચાલન કર્યું હતું, જેમાં ચીકમગલૂર કેન્દ્રનો વધારે વિકાસ કરવાના રસ્તાઓની ચર્ચા કરવામાં આવી હતી.

27મીએ, લાયન્સ ભવન ખાતે યોજવામાં આવેલા અડધા દિવસના કાર્યક્રમમાં કડુર અને હરિહરપુરાથી આવેલા અભ્યાસીઓ જોડાયા હતા. ભાઈ હેગડે 'બેલેન્સ લાઈફ' પર બોલ્યા હતા અને માસ્ટરના જીવનમાંથી ઉદાહરણો સહિત તે સમજાવ્યું હતું. ત્યાર પછી આપણા અભ્યાસમાં સામનો કરવી પડતી બાધાઓને કેવી રીતે માત કરવી એ માટે સમૂહમાં ચર્ચા કરવામાં આવી હતી. ભાઈ રામકંઠે અભ્યાસી બન્યા પછી તેમને થયેલા અનુભવો કહ્યા હતા. ભાગ લેનારાઓને કાર્યક્રમ ગમ્યો હતો અને આવા કાર્યક્રમો વધારે થાય એવી આશા વ્યક્ત કરી હતી.

## નવાં પ્રકાશનો




### ડીવીડીઓ


હાર્ટ સ્પીક 2011– વોલ્યુમ 2 (ઈંગ્લીશ)

ધી નીડ ઓફ ધી ટાઈમ (ઈંગ્લીશ)


### પુસ્તકો




પ્રિન્સીપલ્સ ઓફ સહજ માર્ગ વોલ્યુમ–13 તમિલ




લવ એન્ડ ડેથ તેલુગુ




વૃક્ષ કા ફલ હિંદી




અભ્યાસી ડાયરી હિંદી



ધી સ્પાઈડર્સ વેબ વોલ્યુમ–1 મલયાલમ

# યોગાશ્રમ, સીલીગૂડી, પશ્ચિમ બંગાળ

## પ્રકાશનું કેન્દ્ર





> "યાદ રાખો કે કુદરતની બધી જ સંપત્તિઓ, પછી તે ભલે સ્વાસ્થ્ય હોય, મિલકત હોય, કીર્તિ હોય કે સમૃધ્ધિ હોય, એ બધું જ પુન:પ્રાપ્ત કરી શકાય છે પણ સમય નહીં. સમય પુન:પ્રાપ્ત કરી શકાતો નથી."
>
> પાર્થસારથી રાજગોપાલાચારી 11 જુલાઈ 2010 – સીલીગૂડી.





પશ્ચિમ બંગાળની ઉત્તરે હિમાલયની તળેટીમાં આવેલું સિલીગુડી એક નાનું શહેર છે. સ્થિતિ સ્થાનના કારણે, તે ઉત્તરપૂર્વનું પ્રવેશદ્વાર છે અને નેપાળ, બાંગલાદેશ અને ભૂતાનની સીમાઓ સાથે જોડાયેલું છે.ચોબાભીતા ગામમાં 4.83 એકરનો આશ્રમ આવેલો છે, જે મુખ્ય શહેરથી 12 કી.મી., રેલવે સ્ટેશનથી8 કી.મી. અને એરપોર્ટથી લગભગ 25 કી.મી. દૂર આવેલો છે. આ આશ્રમનું સૃષ્ટિસૌંદર્ય છે કારણકે અહીંથી કાંચનજંગા પર્વતનું બરફાચ્છાદિત શિખર જોઈ શકાય છે.

2જી નવેમ્બર, 2009ના રોજ માસ્ટરે ગેંગટોક જતી વખતે આશ્રમની જમીનની નોંધણી કરી હતી. પાછા વળતી વખતે, આશ્રમનું બાંધકામ શરૂ કરવાની મંજૂરી આપી હતી. આશ્રમ લગભગ આઠ મહિનામાં બંધાઈ ગયો હતો. તેમાં માસ્ટરનું કોટેજ, લગભગ 3000ચો.ફૂ.નો મેડિટેશન હોલ, લગભગ 300 અભ્યાસીઓ આરામથી રહી શકે એટલી ડોરમેટરી, ટોઈલેટ, અને રસોડાની સાથે 250 અભ્યાસીઓ એક સાથે જમી શકે એટલી ડાઈનીંગ માટેની જગ્યાનો સમાવેશ કરવામાં આવ્યો છે. રસ્તાઓ બાંધવામાં આવ્યા છે અને પુષ્કળ વૃક્ષો રોપવામાં આવ્યાં છે.

માસ્ટરે 11મી જુલાઈ 2010માં ઉત્તર પૂર્વમાંથી અને નેપાળની બધી જગ્યાએથી આવેલા લગભગ 600 અભ્યાસીઓની હાજરીમાં આશ્રમનું ઉદ્દઘાટન કર્યું હતું. સત્સંગ પછી, માસ્ટરે વક્તવ્ય આપ્યું હતું. આ પ્રદેશમાં મિશનની વૃધ્ધિ માટે આ આશ્રમનો ઉપયોગ કરવા પર તેમણે ભાર આપ્યો હતો. તેમણે સૂચવ્યું હતું કે દર વર્ષે ઓછામાં ઓછા બે કે ત્રણ પ્રાદેશિક મેળાવડાઓ થવા જોઈએ, ખાસ કરીને પહાડી વિસ્તારના અભ્યાસીઓ માટે, આ મેળાવડાઓ દરમિયાન રહેવા અને જમવાના ખર્ચાઓ સહજ માર્ગ સ્પીરીચ્યુઅલ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવશે. આ આશ્રમનું ઉદ્દઘાટન થયું ત્યારથી, આપણા ગુરુઓના જન્મ દિવસો દર વર્ષે સીલીગુડી અને આજુબાજુનાં કેન્દ્રો માટે અહીં ઉજવવામાં આવ્યા છે.





To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org

© 2013 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. “Shri Ram Chandra Mission", "Sahaj Marg", “SRCM”, “Constant Remembrance” and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.